ક્રમાંક:મા-1/પરિપત્ર/૨૦૨૩/2575
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા. ૧૯/૦૮/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી, જિલ્લાની તમામ પ્રાથમિક,માધ્યમિક,ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તરફ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,પત્ર ક્રમાંક:પ્રાશિનિ/છ-2/સંકલન/૨૦૨૩ સંદર્ભ પત્ર અન્વયે જાણ તથા અમલ સારું...........

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ રા. ગાંધીનગર.

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** વિદ્યાર્થી વિજ્ઞાન મંથન વર્ષ ૨૦૨૩-૨૪: ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા બાબત.

**સંદર્ભઃ-** (૧) માન. મંત્રીશ્રી, શિક્ષણ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણના કાર્યાલયનો પત્ર ક્રમાંકઃ-

અંમ./આ.વિ./શિક્ષણ/૫૮૨૫/૨૩ તા. ૦૧/૦૮/૨૦૨૩

(૨) વિજ્ઞાન ગુર્જરી, આણંદનો પત્ર

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, નેશનલ કાઉન્સીલ ઓફ સર્વિસ મ્યુઝિયમ NCSM-India, NCERT શિક્ષણ વિભાગ ભારત સરકાર અને વિજ્ઞાન ભારતીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્ર કક્ષાની પ્રતિભા શોધ પરીક્ષા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) ૨૦૨૩-૨૪ યોજવામાં આવનાર છે. VVM એ ભારતની સૌથી મોટી સાયન્સ ટેલેન્ટ સર્ચ પરીક્ષા છે. VVM એ બાળકોને વિજ્ઞાનમાં રસ ઉત્પન્ન કરવા, કલ્પના શકિત વિકસાવવા તેમજ વિદ્યાર્થીઓની ઉત્કૃષ્ટતાનું પાલન કરવા અંગે એક માધ્યમ પુરૂ પાડે છે. આ સ્પર્ધા ધોરણ ૬ થી ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓ માટે છે.

વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) એ એક ડિજિટલ એપ્લિકેશન આધારિત પરીક્ષા છે. જે ઓનલાઇન લેવામાં આવશે છે. આ માટે વિદ્યાર્થીઓનું ઓનલાઇન રજીસ્ટ્રેશન
કરવાનું રહેશે. તારીખ ૧૫ જુલાઈ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન રજીસ્ટ્રેશન થઈ શકશે. VVM માટેનું સ્ટડી મટીરીયલ ૧૬ ઓગસ્ટ ૨૦૨૩ સુધીમાં વેબસાઈટ ઉપર
ઉપલબ્ધ થશે. મોક ટેસ્ટ ૧ ઓકટોબર ૨૦૨૩ થી ચાલુ થશે. પરીક્ષાની તારીખ ૨૯ ઓકટોબર ૨૦૨૩ અથવા ૩૦ ઓકટોબર ૨૦૨૩ રોજ સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા
સુધી વિદ્યાર્થીઓ દ્વારા તેમના લોગીન આઈડી થી લોગીન કરવાનું રહેશે. આ પરીક્ષાનું પરિણામ ૧૦ નવેમ્બર ૨૦૨૩ ના રોજ જાહેર થશે. પરીક્ષા શુલ્ક રૂ. ૨૦૦/- છે. વધુ
માહિતી www.vvm.org.in વેબસાઇટ પરથી મેળવી શકાશે. વધુ માહિતી માટે VVM, સ્ટેટ કોર્ડીનેટર (૧) શ્રી મનસુખભાઈ નારીયા, (M) 9426812273 (૨) શ્રી પંકજભાઈ
દરજી, (M) 9429080492 (૩) વિધિબેન પટેલ, (M) 7621094436 પર સંપર્ક કરવાનો રહેશે. વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) ૨૦૨૩-૨૪ પરીક્ષામાં સ્વૈચ્છિક રીતે વધુમાં
વધુ વિદ્યાર્થીઓને ભાગ લેવા બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

**બિડાણઃ-** ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક

પ્રાથમિક શિક્ષણ

ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- અંગત મદદનીશશ્રી, માન. મંત્રીશ્રી, શિક્ષણ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૧, પહેલો માળ, સચિવાલય, ગાંધીનગર

**અંગત મદદનીશ**

સત્યમેવ જયતે

ક્રમાંક: અં.મ./આ.વિ./શિક્ષણ/૫૮૨૫/૨૩

**મંત્રીશ્રી,**
**આદિજાતિ વિકાસ, પ્રાથમિક,**
**માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય,**
**ગુજરાત સરકાર**
પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : (ઓ) ૦૭૯-૨૩૨-૫૦૧૨૯/૩૮૦૭૫
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૦૩૦૬
ઈ-મેઈલ : min-education@gujarat.gov.in
તારીખ : [illegible] /૨૦૨૩

**શ્રીમાન,**

વિદ્યાર્થી વિજ્ઞાન મંથન ૨૦૨૩-૨૪ ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા અંગેની શ્રી જિગ્નેશ બોરીસાગર, સહ સચિવ, વિજ્ઞાન ગુર્જરી, આણંદ દ્વારા માન.મંત્રીશ્રી સમક્ષ કરેલ રજુઆત આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. સદરહુ રજૂઆતની વિગતે, બાળકોમાં કલ્પના શકિત વિકસાવવા અને વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે માટે વિજ્ઞાન ગુર્જરી સંસ્થા દ્વારા ધોરણ-૬ થી ૧૧ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ડિઝીટલ એપ્લીકેશન આધારીત ''વિદ્યાર્થી વિજ્ઞાન મંથન'' પ્રતિભા શોધ પરીક્ષાની માહિતી પ્રાથમિક તથા માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા વિનંતી કરેલ છે.

ઉકત રજૂઆત અંગે નિયમોનુસાર યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા માન.મંત્રીશ્રીની આજ્ઞાનુસાર વિનંતી છે.

**(ચિરાગકુમાર પટેલ)**

**પ્રતિ,**
**સચીવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),**
સચિવાલય, ગાંધીનગર.

**નકલ કાર્યવાહી અર્થે:-**
**નિયામકશ્રી,**
પ્રાથમિક શિક્ષણની કચેરી,
બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

RBS PA